



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૨૬ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ છઠ, સોમવાર ૯ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦


# મોદી સ્ટેડિયમમાં સૂર્યા સેનાએ ઈતિહાસ રચ્યો

**ન્યૂઝીલેન્ડને** 96 રને હરાવી ભારત સતત બીજીવાર ટી-20 વર્લ્ડકપ ચેમ્પિયન બન્યું

**સેમસન**, ઇશાનની અર્ધસદીઓથી ભારતે ફાઇનલમાં 255 રનનો સર્વાધિક સ્કોર બનાવ્યો

**બુમરાહની** આગેવાનીમાં બોલરોએ ન્યૂઝીલેન્ડનો 159 રનમાં વિંટો વાળી દીધો

**સંજુ સેમસન** પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ અને જસપ્રીત બુમરાહ પ્લેયર ઓફ ધ મેચ





**અમદાવાદ, તા. 08 :** અમદાવાદના એ જ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં, જ્યાં ત્રણ વર્ષ પહેલાં ભારતનું વર્લ્ડ ચેમ્પિયન બનવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું હતું, સૂર્ય સેનાએ ઈતિહાસ રચ્યો છે. રોહિત શર્માની આગેવાની હેઠળની ટીમે 2023ના ODI વર્લ્ડ કપ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરીને લાખો ભારતીયોના દિલ તોડી નાખ્યા હતા. હવે, આ જ મેદાન પર, ટીમ ઈન્ડિયાએ ન્યૂઝીલેન્ડને હરાવીને સતત બીજી વખત અને એકંદરે ત્રીજી વખત ટી-20 વર્લ્ડકપમાં ચેમ્પિયન બન્યું છે. ભારત ફક્ત પોતાના ખિતાબનો બચાવ જ નહીં પરંતુ તેની ઘરઆંગણે ટી-20 વર્લ્ડ કપ જીતનાર પ્રથમ દેશ બન્યો છે.

અગાઉ, ભારતે 2007માં એમએસ ધોનીની કેપ્ટનશીપમાં, 2024માં રોહિત શર્માની કેપ્ટનશીપમાં અને હવે 2026માં સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં વર્લ્ડ કપ જીત્યો હતો. 100,000 ની ક્ષમતાવાળા ખીચોખીચ ભરેલા સ્ટેડિયમમાં, ભારતે 255 રન બનાવ્યા, જે વર્લ્ડ કપ ફાઈનલમાં સૌથી વધુ સ્કોર છે. ત્યારબાદ, ભારતીય ચાહકોને શાંત કરવાનું સ્વપ્ન જોતી ન્યુઝીલેન્ડની ટીમ 19 ઓવરમાં સરળતાથી 159 રન પર સિમિત રહી ગઈ. આમ, તેઓ 96 રનથી જીતી ગયા. જસપ્રીત બુમરાહે 4 ઓવરમાં 14 રન આપીને 4 વિકેટ લીધી, જ્યારે અક્ષર પટેલે 3 વિકેટ લીધી. અમદાવાદમાં ભારતીય ટીમ જીતતાની સાથે જ આખું સ્ટેડિયમ રોશની અને આતશબાજીથી ઝળહળી ઉઠ્યું. ન્યુઝીલેન્ડની રન ચેઝની શરૂઆત સારી રહી ન હતી. સેફર્ટ (52) અને કેપ્ટન સેન્ટનર (43) સિવાય, અન્ય કોઈ બેટ્સમેન ભારતીય બોલરો સામે ટકી શક્યો નહીં. આખી ટીમ 19 ઓવરમાં 159 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ટી20 વર્લ્ડ કપ ફાઈનલમાં ન્યુઝીલેન્ડનો રનની દ્રષ્ટિએ સૌથી મોટો પરાજય થયો.

### એકસાથે ત્રણ મિથક તોડી ભારત બન્યું ટી-20 વર્લ્ડકપ ચેમ્પિયન

અમદાવાદ, તા. 08 : ભારતીય ટીમ આજે રવિવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ટી-20 વર્લ્ડકપની ફાઇનલમાં એક નહીં પણ ત્રણ મિથક તોડીને ચેમ્પિયન બની હતી. જેમાં સૌથી પહેલું મિથક તો ટી-20 વર્લ્ડકપ શરૂ થયો ત્યારથી ચાલતું આવ્યું હતું કે જે ટીમ યજમાન હોય તે કદી ચેમ્પિયન બનતી નથી અને 2007થી ચાલતા આવેલા આ મિથકને ભારતે આજે ચેમ્પિયન બનીને તોડ્યું હતું, આ સાથે જ સતત બે વાર કોઇ દેશે ટી-20 વર્લ્ડકપ ન જીત્યાનું મિથક પણ તોડ્યું અને ન્યૂઝીલેન્ડ સામે ટી-20 વર્લ્ડકપમાં કદી ન જીતી શકવાનું મિથક પણ તોડ્યું હતું. આ ઉપરાંત ભારતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તેમના માટે પનોતી હોવાની ચાલતી આવેલી વાતો પણ ખોટી પુરવાર કરી હતી.

# નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારનો (JD-U)માં પ્રવેશ

**નીતિશ** કુમાર બિહારના મુખ્યમંત્રીપદેથી રાજીનામુ આપે તે પહેલા નિશાંતને પક્ષમાં પ્રવેશ આપી દેવાયો

**નવી કેબિનેટમાં** નિશાંતને નાયબ મુખ્યમંત્રી બનાવાય તેવા સંકેતો



**પટના, 8 (PTI):** બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમાર રવિવારે જેડીયુ (JD-U)માં જોડાયા હતા અને જણાવ્યું હતું કે તેઓ પાર્ટીના સંગઠનને મજબૂત કરવા માટે કામ કરશે.

એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ અને 40 વર્ષની વયના નિશાંતને અહીં પાર્ટીના મુખ્યાલય ખાતે કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ ‘લલન’ અને જેડીયુના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા સહિતના ટોચના નેતાઓની હાજરીમાં પાર્ટીમાં સામેલ કરવામાં આવ્યા હતા.

પાર્ટીમાં જોડાયા બાદ સાદા કુર્તા-પાયજામા અને ફ્લિપ-ફ્લોપ ચંપલ પહેરેલા નિશાંતે કહ્યું, “મારા પિતાએ રાજ્યસભામાં જવાનો નિર્ણય કર્યો છે. તે તેમનો અંગત નિર્ણય હતો. અમે બધા તેનું સન્માન કરીએ છીએ. અમે તેમના માર્ગદર્શન હેઠળ કામ કરવાનું ચાલુ રાખીશું. હું સંગઠનને મજબૂત કરવા માટે કામ કરીશ. નિશાંતે દાવો કર્યો હતો કે તેમના

...અનુસંધાન પાના 2 પર

# ઈરાનના ઓઈલ ડેપો પર ઈઝરાયલના હુમલા

**ડેપોમાંથી** છલકાયેલું ઓઇલ ગટરોમાં ભળતા શહેરની શેરીઓમાં જાણે કે આગની નદી વહી

**પાંચ** ઓઇલ ડેપોને નિશાન બનાવાયા પછી તેહરાનના આકાશમાં ઘુમાડાના ગોટેગોટા છવાયા

**ઓઇલ** ડેપો પરના ઇઝરાયલી હુમલાઓ પછી ઓછામાં ઓછા ચાર ટેન્કર ડ્રાઇવરો માર્યા ગયા

**તહેરાન, તા. 08 :** ઈઝરાયલ દ્વારા શનિવારે રાત્રે તેહરાનમાં ઈરાનના ઓઈલ સંગ્રહ ડેપોને નિશાન બનાવીને હુમલા કરાયા હતા, જેને કારણે આકાશમાં અગનજવાળાઓ જોવા મળી હતી. લગભગ 10 મિલિયનની વસ્તી ધરાવતા પાટનગર તેહરાનમાં ઈઝરાયલે તેલ સંગ્રહ સુવિધાઓને નિશાન બનાવ્યા બાદ તેહરાનમાં કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાઈ ગયા છે . યુદ્ધમાં નાગરિક ઔદ્યોગિક સુવિધાને નિશાન બનાવવામાં આવી હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે, ઈરાનના અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકા અને ઈઝરાયલના હુમલાથી તેહરાનની આસપાસના પાંચ તેલ સ્થળોને નુકસાન થયું છે. એક અધિકારીએ સરકારી ટીવીને જણાવ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલે ઈરાનની રાજધાની અને તેની નજીક રાતોરાત હુમલાઓમાં પાંચ તેલ સુવિધાઓ પર હુમલો કર્યો. નેશનલ ઈરાનીયન ઓઈલ પ્રોડક્ટ્સ ડિસ્ટ્રિબ્યુશન કંપનીના સીઈઓ કેરામત વેયસ્કરામીએ સરકારી ટીવીને જણાવ્યું કે ગઈકાલે રાત્રે, તેહરાન અને અલ્બોર્ઝમાં ચાર તેલ ડેપો અને પેટ્રોલિયમ ઉત્પાદનો પરિવહન કેન્દ્ર પર દુશ્મન વિમાનો

...અનુસંધાન પાના 2 પર

# રાષ્ટ્રપતિના પ્રોટોકોલનો ભંગ: કેન્દ્રે બંગાળ સરકારનો જવાબ માગ્યો

**શનિવારે** પશ્ચિમ બંગાળમાં યોજાયેલા એક કાર્યક્રમમાં આવેલા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુની મુલાકાત ટાણે રાજ્ય સરકારે શિષ્ટાચારના નિયમોનું પાલન નહીં કર્યું હોવાની ફરિયાદો ઉઠી હતી

**અન્ય** કેટલાક મુખ્યમંત્રીઓ અને નેતાઓએ પણ આ પ્રોટોકોલ ભંગ અંગે ચિંતા વ્યક્ત કરી

**કોઇ પ્રોટોકોલ** ભંગ નહીં થયો હોવાનો મમતાનો દાવો

**નવી દિલ્હી, 8 (PTI):** પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના કાર્યક્રમમાં થયેલી ચૂક અંગેના વિવાદ વચ્ચે, કેન્દ્ર સરકારે રવિવારે સાંજે 5 વાગ્યા સુધીમાં રાજ્ય સરકાર પાસે પ્રોટોકોલ, સ્થળ અને રૂટની વ્યવસ્થાના નિયમોના ઉલ્લંઘન પર જવાબ માંગ્યો છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવને લખેલા પત્રમાં, કેન્દ્રીય ગૃહ સચિવે તેમને ‘બ્લુ બુક’ના પ્રોટોકોલ અને વ્યવસ્થાના નિયમોના ભંગ બદલ જવાબ આપવા જણાવ્યું છે. ‘બ્લુ બુક’ એ એક ગોપનીય દસ્તાવેજ છે જે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન તથા તેમના પરિવારોની સુરક્ષા અને પ્રોટોકોલ માટેના નિયમો નક્કી કરે છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ શનિવારે બાગડોગરા એરપોર્ટ નજીક આદિવાસી સમુદાયના એક કાર્યક્રમમાં ઓછી હાજરી બદલ નિરાશા વ્યક્ત કરી હતી અને કાર્યક્રમનું સ્થળ બિધાનનગરથી બદલવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા.

...અનુસંધાન પાના 2 પર



અડવાણીને એવોર્ડ આપવાના પ્રસંગે વડાપ્રધાન ખુરશીમાં બેઠા હતા અને રાષ્ટ્રપતિ ઉભા રહ્યા હતા તે સમયની તસવીર બતાવી

### રાષ્ટ્રપતિનું અપમાન મોદીએ જ કર્યું છે, અમે નહીં : મમતા

**કોલકાતા.** મમતા બેનર્જી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વચ્ચેના અભૂતપૂર્વ વાકયુદ્ધ અને તેના કારણે સર્જાયેલા રાજકીય અને વહીવટી વિવાદને વધુ ઉગ્ર બનાવતા, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર દેશના સર્વોચ્ચ બંધારણીય પદનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે આ જ મુદ્દે તૃણમૂલ કોંગ્રેસ (TMC) સરકાર પર મોદી દ્વારા કરવામાં આવેલા હુમલાનો વળતો જવાબ આપ્યો હતો. પોતાના દાવાના સમર્થનમાં, બેનર્જીએ એક વિશાળ કરાયેલી તસવીર બતાવી હતી જેમાં ભાજપના પીઢ નેતા એલ.કે. અડવાણી સાથે એક કાર્યક્રમમાં વડાપ્રધાન બેઠેલા જોવા મળે છે, જ્યારે રાષ્ટ્રપતિ તેમની બાજુમાં ઉભા છે. આ તસવીર કથિત રીતે માર્ચ ૨૦૨૪ ના એ કાર્યક્રમની છે જ્યારે રાષ્ટ્રપતિ મુર્મુએ અડવાણીને તેમના નવી દિલ્હી સ્થિત નિવાસસ્થાને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ‘ભારત રત્ન’ થી નવાજ્યા હતા. પુરાવા તરીકે તસવીર પ્રદર્શિત કરતા બેનર્જીએ દાવો કર્યો હતો કે, આ તસવીર દર્શાવે છે કે જ્યારે રાષ્ટ્રપતિ ઉભા છે ત્યારે વડાપ્રધાન બેઠા છે. અમે ક્યારેય આવું કરતા નથી. ભાજપ જ રાષ્ટ્રપતિનું અપમાન કરવાની સંસ્કૃતિ ધરાવે છે, અમે નહીં. અગાઉ દિવસ દરમિયાન, મોદીએ રાષ્ટ્રપતિ મુર્મુ સાથે કરવામાં આવેલા વ્યવહાર અંગે TMC સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે રાજ્યના જાગૃત લોકો દેશના રાષ્ટ્રપતિ અને એક આદિવાસી મહિલા

...અનુસંધાન પાના 2 પર

# આજથી સંસદનું બજેટ સત્ર ફરી શરૂ થશે

**બિરલા** વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ અને પશ્ચિમ એશિયા સંકટ છવાયેલા રહેશે

**નવી દિલ્હી, તા. 8 (PTI) :** સંસદના બજેટ સત્રના બીજા ભાગની શરૂઆત સોમવારે તોફાની રહેવાની શક્યતા છે. કારણ કે, લોકસભામાં સ્પીકર ઓમ બિરલાને હટાવવા માટે વિપક્ષ દ્વારા પ્રાયોજિત પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવનાર છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ પણ મુખ્ય રીતે ચર્ચામાં રહેવાની શક્યતા છે. કારણ કે, વિપક્ષ ઈરાન પ્રત્યે સરકારના વલણ અને રશિયન તેલની ખરીદી પર અમેરિકાની ‘છૂટછાટ’ સહિતના અન્ય મુદ્દાઓ પર સરકાર પર પહેલેથી જ પ્રહારો કરી રહ્યો છે.

આ ઉપરાંત, ચૂંટણીવાળા પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના વિશેષ

...અનુસંધાન પાના 2 પર

તા. ૦૮-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૦° સે. | ૧૮.૦° સે. | ૨૫% |

# નેપાળમાં ઈતિહાસ સર્જાયો : બાલેનશાહની RSPને જંગી બહુમતિ

**માત્ર** ત્રણ વર્ષ પહેલા રચાયેલા પક્ષને જ્વલંત સફળતા, જૂના પક્ષોને ધોબીપછાડ

**બાલેન** શાહ નેપાળના સૌથી યુવા વડાપ્રધાન બને તેવી પુરી સંભાવના



**કાઠમંડુ, 8 (PTI):** યુવા સંગીતકારમાંથી રાજનેતા બનેલા બાલેન્દ્ર શાહ ‘બાલેન’ની પાર્ટી RSP (રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી) રવિવારે સામાન્ય ચૂંટણીઓમાં ભવ્ય વિજય તરફ આગળ વધી રહી છે. આ ચૂંટણીઓમાં સ્થાપિત પરંપરાગત પક્ષોને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. ૨૦૨૨માં સ્થપાયેલી

...અનુસંધાન પાના 2 પર